RAJKOT CHAMBER OF
COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ ખાતેના જુના એરપોર્ટની જગ્યા પર કન્વેન્શન સેન્ટરની ફાળવણી કરવા માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજુઆત...

તાજેતરમાં જ રાજકોટ ખાતે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વરદ હસ્તે સૌરાષ્ટ્રના નજરાણા સમાન હિરાસર ખાતે નિર્માણ પામેલ રાજકોટ ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ કરી રાજકોટ-સૌરાષ્ટ્રની જનતાને અમુલ્ય ભેટ આપેલ છે.

ત્યારે રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગકારોને વધું વેગ મળે તે શુભ આશય સાથે રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવા માટે રાજકોટ ચેમ્બરની વર્ષો જુની માંગણી છે. જેનો અગાઉ પુર્વ મુખ્યમંત્રીશ્રીએ આ માંગણીનો સ્વીકાર કરેલ હતો અને આશરે ૩૨ એકર જગ્યાનું સ્માર્ટ સીટી એરીયામાં ઔપચારીક અનુમતી પણ આપેલ હતી. તેથી હાલનું જે જુનું એરપોર્ટ હિરાસર ખાતે નિર્માણ પામેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ટ્રાન્સફર થવા જઈ રહયું છે ત્યારે જે જુનાં એરપોર્ટની જગ્યા ખાલી પડે તે જગ્યા પર કન્વેન્શન સેન્ટર ફાળવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.